# હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




જીએસટી વધશે એમ કહું છું તેનો મતલબ, ગોદડા શાલને ટોપી વધશે એમ...!!

# સરઢવના ગૌચરમાં થયેલ દબાણો ૬૦ દિવસમાં દૂર કરવા ડીડીઓનો આદેશ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે ગૌચરના સર્વે નં. ૮૫૩ અને ૧૬૩૭માં ગેરકાયદે અને બિન અધિકૃત રીતે બાંધવામાં આવેલ છે. ૨૦૧૪ થી ૨૦૧૮ દરમ્યાન તંત્ર દ્વારા વારંવાર નોટીસો ઈસ્યુ કર્યા પછી પણ પરિણામલક્ષી કામગીરી થઈ નથી અને સરકારી આદેશની અવગણના કરવામાં આવી છે. આ બધાજ બિન અધિકૃત દબાણો ૬૦ દિવસમાં દૂર કરવામાં આવે તેના સ્પષ્ટ આદેશ આજે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આપ્યા છે.

રાવલે આ આદેશમાં સ્પષ્ટ જણાવ્યુ છે કે આદેશનો અમલ નહિ થાય તો તલાટી કમ મંત્રી સામે શિક્ષાત્મક પગલાં ભરાશે તેમજ સમગ્ર પંચાયત તોડીને બરખાસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજે રાવલે આ વિસ્તૃત આદેશ જારી કરતાં પંચાયતના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો.

હુકમમાં જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીનો તા. ૨૦-૧૨-૧૮નો રજુ થયેલ અહેવાલમાં નીચેની બાબતો સ્પષ્ટ થાય છે. બાંધકામવાળી જગ્યા મોજે સરઢવની ગૌચર સર્વે નં. ૮૫૩ તથા ૧૬૩૭માં બિન-અધિકૃત રીતે બાંધેલ છે. સદર દુકાનોના બાંધકામ અટકાવવા/બંધ રાખવા જે તે વખતે મનાઈહુકમ પણ આપેલ હતો તેમ છતાં આદેશનું ઉલ્લંઘન કરી દુકાનોનું બાંધકામ થયેલ છે.

આ વિવાદીત બાંધકામ દૂર કરવા ગ્રામ પંચાયતને વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધી સંખ્યાબંધ નોટીસ ઈસ્યુ કરવા છતાં કોઈ પરીણામલક્ષી કાર્યવાહી થઈ નથી અને સરકારી આદેશની સદંતર અવગણના થયેલ છે. જે કોઈ ખરીદનાર છે તે શુદ્ધબુદ્ધિના ખરીદનાર ગણી શકાય નહી. કારણ કે આ સ્થળ ગૌચર છે નિયમ વિરૂદ્ધનું બાંધકામ છે તે સ્વયંસ્પષ્ટ હકીકત છે એટલે ગ્રામ્યકક્ષાના નાના એકમમાં આ બાબત સર્વ નાગરીકોથી વિદિત હોવાનું માનવાના કારણ રહે. રજુ થયેલ સત્તાવાર રિપોર્ટ જોતા કુલ ૪૨ પૈકી માત્ર થોડા જ દુકાનદારોએ દીવાની દાવા દાખલ કરેલ છે પરંતુ કોઈજ પ્રકારનો મનાઈ હુકમ ફરમાવેલ નથી.

આમ ઉપરોક્ત તમામ હકીતો જોતાં તદ્દન ગેરકાયદેસર-અન્યાયી અનધિકૃત અને ઉચ્ચ કક્ષાએથી મળેલ અધિકૃત આદેશોનું ઉલ્લંઘન કરીને સત્તા બ્રાહ્ય ગંભીર કૃત્યને ચલાવી લેવાય નહી આથી ગુજરાત પંચાયત ધારાની જોગવાઈ અંતર્ગત ગ્રા.પં.ને સદરહુ દબાણ (બિનઅધિકૃત બાંધકામ) કે જેમાં કોઈ જ પ્રકારની દાવા-દૂવી નથી કે કોઈ જ પ્રકારનો મનાઈ હુકમ નથી તેવા તમામ વાદગ્રસ્ત દબાણ (બિનઅધિકૃત બાંધકામ) દિન ૬૦માં ફરજિયાત પણે કાનુની યોગ્ય પ્રક્રિયા અનુસાર પૂર્ણ કરવી.

તાલુકા વિકાસ અધિકારી ગાંધીનગરે આ આદેશનો અમલ થાય તે જોવુ. જો ઉક્ત આદેશનો ગ્રામ પંચાયત અમલ કરવામાં હવે પછી નિષ્ફળ જશે તો પંચાયતની સરપંચને ફરજ બજાવવામાં નિષ્ફળ ગણી હોદ્દા પરથી દૂર કરવાની ફરજ પડશે અને જરૂર જણાયે ગ્રામ પંચાયત બોડીને બરખાસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરાશે. તલાટી કમ મંત્રીની પણ એ જવાબદારી અને ફરજ બની રહેશે કે ઉક્ત આદેશનો અક્ષરસહ અમલ થાય. જો તેમ નહી થાય તો તલાટી કમ મંત્રી સામે પણ શિક્ષાત્મક પગલા ભરાશે.




ગાંધીનગર રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના આદેશથી આજે ગાંધીનગર જિલ્લાના મહેસૂલી કર્મચારીઓ તેમની કામગીરી અળગા રહ્યા હતા. અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરેલા આ કર્મચારીઓ સત્યાગ્રહ છાવણીથી રેલી સ્વરૂપે આવી અને જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને આવેદનપત્ર આપ્યું હતું. આ પછી તેઓ કલેક્ટર કચેરીની બહાર ધરણા ઉપર બેઠા હતા તે સમયની તસવીર.

# લગ્ન સમારોહમાંથી રૂપીયા દાગીનાની ઉઠાંતરી કરતી ગેંગ સક્રિય

ગાંધીનગર, તા.૯

ભાટ નજીક આવેલા ખાનગી પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગ દરમિયાન રૂ.૬૫ હજાર ભરેલી બેગ કોઈ ગઠીયો ઉઠાવી ગયો છે.નરોડા ખાતે રહેતા જયેશભાઈ બાબુલાલ મહેતાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભાટ નજીક આવેલા બેન્કવેટ હોલમાં ગત તા.૬ ડિસેમ્બરના રોજ જયેશભાઈની દિકરીના લગ્નનો સમારોહ ચાલી રહ્યો હતો. લગ્નની વિધી પૂર્ણ થયા બાદ પહેરામણીનો પ્રસંગ આવતા તેઓ પોતાની પાસે રહેલી બેગ ગુમ હોવાનું સામે આવ્યું હતું. બેગમાં સોના-ચાંદીના દાગીના, ૩ મોબાઈલ, ચાંદલામાં આવેલા રૂ. ૨૫ હજાર મળી રોકડા રૂ. ૨૭ હજાર રૂપીયા હતા. દિકરીના લગ્ન પ્રસંગે ચોરીની વિધી સમયે બેગ તેમની હાથમાં જ હતી. જેથી રૂ. ૬૫ હજારની મત્તા ભરેલી બેગ કોઈ ગઠીયો નજર ચુકવીને ઉઠાવી ગયો હતો. જેને પગલે લગ્નના બે દિવસ બાદ તેઓએ અડાલજ પોલીસ મથકે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ઉત્તરાયણને હજુ ઘણો સમય છે. તેમ છતાં પતંગ રસિયાઓ માટે પતંગની દુકાનો ધીમે ધીમે ખુલી રહી છે. સેક્ટરોના શોપિંગ સેન્ટરોમાં પતંગની નાની મોટી દુકાનોમાં લાગી ગઈ છે.

# શોકદર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના દિવંગત પૂર્વ સભ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિધાનગૃહના નેતા તરીકે ૧૪મી વિધાનસભાના પાંચમા સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખોમાં પૂર્વ મુખ્યમંત્રી સ્વ. દિલીપભાઈ પરીખ, પૂર્વમંત્રી વિઠ્ઠલભાઈ રાદડીયા, વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ. ડાહ્યાભાઈ પિતાંબરદાસ પટેલ, વ્રજલાલભાઈ ધાણક અને ગોપાલભાઈ ધુઆના અવસાન અંગે શોક-દુઃખ વ્યકત કરી દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલી પાઠવી હતી.

વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પ્રતિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી સહિત વિવિધ વિધાનસભ્યોએ દિવંગત સભ્યોને ભાવાંજલિ આપી હતી.

દિવંગત સભ્યોના માનમાં સભાગૃહે બે મિનિટનું મૌન પાળી સદ્દગત સભ્યોના આત્માની શાશ્વત શાંતિની પ્રાર્થના કરી હતી.

# સાયન્સ સિટી ખાતે રંગબેરંગી માછલીઓ અને અનેકવિધ રોબોટ્સ આકર્ષણનું કેન્દ્ર બનશે

**સાયન્સ સિટી ખાતે અત્યાધુનિક એક્વેરિયમ ગેલેરી અને રોબોટિક ગેલેરીનું નિર્માણ ચાલી રહ્યું છે : અન્ડર વોટર વોક-વે સહિતના ૭૨ માછલી ઘરોમાં ૧૮૨ પ્રકારની માછલીઓ અને ૧૧૨૫૦ થી વધુ જળચર જીવોનું પ્રદર્શન : ફુટબોલ કે કુસ્તી રમતા રોબોટ્સથી માંડીને અંતરીક્ષ અને તબીબી કાર્યમાં કામ કરતા સહિતના ૬૩ પ્રકારના રોબોટ્સ જોવા મળશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર-સરખેજ હાઈવે નજીક સ્થિત સાયન્સ સિટી ખાતે અત્યાધનિક એક્વેટિક ગેલેરી અને રોબોટિક ગેલેરીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ બંને પ્રોજેક્ટ માટે થઈને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૩૮૪.૧૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આગામી દિવસોમાં એક્વેટિક ગેલેરી અને રોબોટિક ગેલેરી સાયન્સ સિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે એક નવુ નજરાણુ બની રહેશે.

સાયન્સસિટી ખાતે નિર્માણાધીન એક્વેટિક ગેલેરી ૧૦ હજાર ચોરસમીટરથી વધુ જગ્યામાં બની રહી છે જેમાં કુલ ૭૨ માછલીઘર બનાવાશે. આ તમામ માછલીઘરમાં મળીને વિવિધ માછલીઓની કુલ ૧૮૨ જેટલી પ્રજાતિઓ અને ૧૧,૨૫૦થી વધુ જળચર જીવોને રાખવામાં આવશે. આ માછલીઘરમાં વિદેશોની જેમ અન્ડરવૉટર વોક-વે ટનલ પણ હશે તથા એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ, ઓસીનેરીયમ, દૃશ્ય ગેલેરી અને ટચ પુલ જેવા આકર્ષણો હશે. એક્વેરિયમનું સંપૂર્ણ બાંધકામ માછલીઘરને અને જળચર સૃષ્ટિને અનુરૂપ કરવામાં આવી રહ્યું છે જેમાં મીઠા, ભાંભરા અને સમુદ્રી પાણીની જળચર સૃષ્ટિનો પણ સમાવેશ થશે. અવનવા અજાયબ જળચર જીવોની વિશાળ શ્રેણી સાથે અનેકવિધ આકાર, પ્રકાર અને રંગબેરંગી માછલીઓ ખાસ કરીને બાળકો સહિત પારિવારિક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. એક્વેરિયમ ગેલેરીના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫૭.૧૧ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત સાયન્સસિટી ખાતે બની રહેલ રોબોટિક ગેલેરી પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓ સહિત મુલાકાતીઓ માટે આકર્ષણરૂપ બની રહેશે. રાજ્ય સરકારે ફાળવેલા રૂ. ૧૨૬.૬૨ કરોડના ખર્ચે બની રહેલી રોબોટિક ગેલેરીમાં કુલ ૬૩ પ્રકારના રોબોટ્સ વસાવવામાં આવશે જેમાં સ્થિર રોબોટ, સ્વાગત કરતા રોબોટ્સ, કાચ સાફ કરતા રોબોટ્સ, ચિત્રકારી કરતા રોબોટ્સ, થ્રીડી રોબો સ્કેનર અને પ્રિન્ટર, માર્ગદર્શક રોબોટ્સ, સ્વયંસંચાલિત વાહન, ફૂટબોલ રમતા રોબોટ્સ, કુસ્તી કરતા રોબોટ્સ બેન્ડમિન્ટન રમતા રોબોટ્સ, એરહોકી રમતાં રોબોટ્સ, ભૂપૃષ્ઠ પર ચાલતો રોબોટ, તબીબી વિજ્ઞાનમાં વપરાતો રોબોટ, શોધખોળ અને બચાવમાં વપરાતો રોબોટ, દિવાલ પર ચઢતો રોબોટ, અંતરિક્ષમાં કાર્ય કરતો રોબોટ, ચોકસાઈપૂર્વક કામ કરતો રોબોટ, ઔદ્યોગિક કામગીરીમાં વપરાતા રોબોટ્સ, સમૂહ નૃત્ય કરતા રોબોટ્સ, વાંજીત્રો વગાડતા રોબોટ્સનો સમાવેશ થાય છે. અનેકવિધ પ્રકારના રોબોટ્સ પણ સાયન્સ સિટીના પ્રવાસીઓને ટેકનોલોજીની દુનિયાથી અવગત કરાવશે અને આગામી પેઢીનુ ભાવિ કેટલુ આધુનિક હશે તેની પ્રતિતિ કરાવશે.

# સ્ટોર્મ વોટર લાઈનના તુટેલા ઢાંકણ બદલવાની કામગીરી હાથ ધરાઈ

**તુટેલી ચેમ્બર્સને સમારકામ સાથે ૧૬ સ્થળોએ નવા ઢાંકણ નાંખવાની કામગીરીનો પ્રારંભ**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના માર્ગો પર છેલ્લા કેટલાક સમયથી હાથ ધરવામાં આવ્યું છે અને તુટેલા ઢાંકણની જગ્યાએ નવા ઢાંકણો નાંખવાની કામગીરી વાહનચાલકો અકસ્માતનો ભોગ ના બને તે માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ





વાહનચાલકો માટે જોખમરૂપ જણાતા સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોના તુટેલા ઢાંકણોનું સમારકામ હાથ ધરી દેવામાં આવ્યું છે. શહેરમાં ૧૬ જગ્યાએ સમારકામ શરુ કરી દેવામાં આવતા વાહનચાલકો સહિત નાગરિકોમાં પણ રાહતની લાગણી પ્રસરવા પામી છે.

છેલ્લા કેલાક દિવસથી



શહેરના માર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો તુટી જવાની સમસ્યાએ માથુ ઉંચક્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પર તુટેલા ઢાંકણોને કારણે મસ મોટા ખાડા પડી ગયા હતા અને સ્ટોર્મ વોટર ચેમ્બરો ખુલ્લી થઈ જવા પામી હતી. ખુલ્લી ચેમ્બરો આસપાસ જાગૃત નાગરિકો દ્વારા આડશો ઉભી કરવા ઉપરાંત ઢાંકણોમાં ઝાડની ડાળીઓ ભરાવી સાથે માધ્યમોમાં પણ તુટેલી ચેમ્બરની તસવીરો પ્રગટ થવા સાથે ગાંધીનગરના જાગૃત નાગરિકો દ્વારા સોશ્યલ મિડીયા પર પણ આ સમસ્યા ઉજાગર કરવામાં આવી હતી જેને કારણે તંત્રનું ધ્યાન દોરાયું હતું. ગાંધીનગરના સે-૩ના બગીચામાં 'ગાંધીનગર ચમકાવું છે' ગ્રુપની યોજાયેલી બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા હાથ ધરાઈ હતી અને તંત્રના અધિકારીઓને આ અંગે જાણ કરી સત્વરે રીપેરીંગ કાર્ય કરવા રજૂઆત કરવામાં આવી હતી. જો કે તંત્ર દ્વારા પણ આ સમસ્યા અંગે હકારાત્મક વલણ દાખવી રવિવારથી જ કાર્ય હાથ ધરી દેવામાં આવ્યું હતું અને શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની ૬ જેટલી ચેમ્બર્સનું રીપેરીંગ કાર્ય સત્વરે હાથ ધરી તેના તુટેલા ઢાંકણની જગ્યાએ નવા ઢાંકણ લગાડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## કયા કયા સ્થળે કામગીરી હાથ ધરાઈ?

જે ૧૬ જગ્યાએ સમારકામ હાથ ધરાયું છે જેની વિગતો અનુસાર સે-૩ ન્યુમાં કુલ પાંચ જગ્યાએ, સે-૩માં પાંચ જગ્યાએ, સે-૧૩માં એક જગ્યાએ, સે-૫-ડીમાં બે જગ્યાએ તથા ગ-૩ સર્કલે ૨ જગ્યાએ, ખ-૩ સર્કલે ૧ જગ્યાનો સમાવેશ થાય છે. મોટાભાગના તુટેલા ઢાંકણની જગ્યાએ નવા ઢાંકણ લગાડવાની કામગીરી કરાઈ છે તેમજ જરૂરી કડિયાકામ સાથે સમારકામ કરવામાં આવી રહ્યું છે.

# શહેરમાં ગૂંજતી શહેનાઈ અને ઢબૂકતાં ઢોલ ત્રણ દિવસમાં શાંત થઈ જશે

**આગામી ૧૨મી ડિસેમ્બરથી કમૂહુર્તા બેસશે : લગ્ન સહિતના શુભ પ્રસંગોના આયોજનોમાં બ્રેક આવશે : લગ્નોત્સવનો નવો શુભ ગાળો ૧૮મી જાન્યુઆરીથી શરૂ થશે**

ગાંધીનગર, તા. ૯

શહેરમાં અત્યારે લગ્ન સમારંભો સહિત શુભ પ્રસંગોના આયોજનો ખૂબ મોટી સંખ્યામાં થયેલા જોવા મળી રહ્યા છે. ચોતરફ લગ્ન સમારંભોના પગલે નાગરિકોને એક જ સમયે એકથી વધુ સમારંભોમાં હાજરી આપવાના નિમંત્રણ મળ્યા હોય જેથી દ્વિધા અનુભવાતી હોય તેવી સ્થિતિ પણ અનેક નાગરિકો સાથે સર્જાવા પામી રહી છે. જો કે આ લગ્ન સમારંભોમાં વાગતી શરણાઈ કે શુભ પ્રસંગે ઢબૂકતાં ઢોલનો ધ્વનિ હવે ત્રણ દિવસમાં જ શાંત પડી જશે કેમ કે આગામી તા. ૧૨મી ડિસેમ્બરથી કમૂહુર્તા બેસી રહ્યા છે. આ પછીનો લગ્નોત્સવનો નવો તબક્કો ઉત્તરાયણ બાદ તા. ૧૮મી જાન્યુઆરીથી શરૂ થશે.

શહેરમાં દિવાળીના તહેવાર બાદ શરૂ થયેલા લગ્નોત્સવના પ્રથમ તબક્કાનો અંત શુક્રવારથી આવી જશે. તા. ૧૨મી ડિસેમ્બર શુક્રવારથી



પ્રારંભ થઈ રહેલા કમૂહુર્તાને પગલે હવે લગ્નસરાની સીઝનના માત્ર ત્રણ જ દિવસ શેષ રહેવા પામે છે. કમૂહુર્તા બેસતાંની સાથે માત્ર લગ્ન સમારંભો નહી પરંતુ સગાઈ, વાસ્તુ, યજ્ઞોપવિત જેવા માંગલિક પ્રસંગોના આયોજનો પણ થઈ શકશે નહી. વિક્રમ સંવતના નવા વર્ષનો બીજો તબક્કો આગામી જાન્યુઆરી માસની ૧૮મી તારીખથી શરૂ થશે. પંચાંગ અનુસાર આ વર્ષે મકરસંક્રાંતિ તા. ૧૪મીના બદલે તા. ૧૫મી જાન્યુઆરીએ આવે છે તે પછી કમૂહુર્તા ઉતરશે. આમ લગ્ન તથા શુભ પ્રસંગો માટે હવે ત્રણ જ દિવસ બાકી રહ્યા છે.

**વિવિધ દેશોમાં ત્રણ વાયબ્રન્ટ સમીટના પ્રચાર માટે ગયેલા**

# સનદી અધિકારીઓના ખર્ચ પેટે ૧ કરોડ ૯૭ લાખનો ખર્ચ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકાર દ્વારા યોજવામાં આવતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ પાછળ અધધ ખર્ચાઓ કરવામાં આવ્યા છે. વાયબ્રન્ટ સમીટના પ્રચાર અને પ્રસાર માટે ૩૩ સનદી અધિકારીઓને વિવિધ દેશોમાં મોકલવામાં આવ્યા હતા. જેમની પાછળ અંદાજે રૂ. ૧,૭૯,૫૪,૮૪૭નો ખર્ચ કરવામાં આવ્યો છે.

મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે પૂછેલા એક અતારાંકિત પ્રશ્નોત્તરીના ઉત્તરમાં રાજ્યના મુખ્યમંત્રી (ઉદ્યોગ)એ જણાવ્યું હતું કે ૩૦-૯-૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૩, ૨૦૧૫ અને ૨૦૧૭ દરમ્યાન કુલ ૩૩ સનદી અધિકારીઓને સમીટના પ્રચાર અને પ્રસાર માટે વિદેશ પ્રવાસે મોકલવામાં આવ્યા હતા.

વાયબ્રન્ટ સમીટના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ દેશોમાં મોકલવામાં આવેલ સનદી અધિકારીઓની ટીકીટ, વીઝા, મેડીકલેઈમ, દૈનિક ભથ્થા, રહેવા જમવા તથા અન્ય ખર્ચાઓ પેટે વર્ષ ૨૦૧૩, ૨૦૧૫ અને ૨૦૧૭ એમ કુલ ત્રણ સમીટ દરમ્યાન ૧,૭૯,૫૫,૮૪૭નો ખર્ચ કરવામાં આવ્યો છે.

વર્ષવાર ખર્ચની વિગતો આપતા તેમણે જણાવ્યુ હતુ કે ૩૦-૯-૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ માટે પ્રચાર અને વિદેશી રોકાણકારોને સમીટની પૂર્વ ભૂમિકા આપવા અંગે જે સનદી અધિકારીઓને વિવિધ દેશોમાં મોકલવામાં આવેલ તેમને ટીકીટ વીઝા, મેડીકલેઈમ, દૈનિક ભથ્થા, રેહવા જમવા તથા અન્ય ખર્ચા પેટે વર્ષ ૨૦૧૩માંની સમીટમાં કુલ રૂ. ૫૩,૩૧,૭૧૪-૦૦, વર્ષ ૨૦૧૫ની સમીટમાં કુલ રૂ. ૫૩,૮૬,૮૨૪-૦૦ અને વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭માં કુલ રૂ. ૭૨,૩૬,૭૦૯,૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો છે.

## બાબાસાહેબ આંબેડકર પરિનિર્વાણ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૯

જય ભીમ યુવક ટ્રસ્ટ પીપળજ દ્વારા વિશ્વવિભૂતિ બાબાસાહેબ આંબેડકર પરિનિર્વાણ દિન શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત બાળકો દ્વારા બાબાસાહેબ અને રોહિદાસ ભગવાનના ભીંતચિત્ર પર ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા તથા ૧૦૧ દિપ પ્રગટાવી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત મશાલયાત્રા કરવામાં આવી અને તે દરમિયાન મોબાઈલ ટોર્ચ દ્વારા ડિજીટલ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી તથા ફેસબુક લાઈવ દ્વારા કાર્યક્રમ પ્રસારણ કરવામાં આવ્યું હતું.



ભીમપુરા ગામ સ્થિત નાનબા માતાજી મંદિર ખાતે ૧૮મો પાટોત્સવ યોજાયો હતો. જેમાં ભકતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

# ચિલોડા મોટા હોમગાર્ડ યુનિટ દ્વારા હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા ૬ઠ્ઠી ડિસેમ્બર પ્રાંતિયા સ્થિત સ્મૃતિ



વિકાસ શાળા (મંદબુદ્ધિના બાળકોની નિવાસી શાળા)માં યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીની આગેવાની હેઠળ હોમગાર્ડ સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના પેરાલીગલ વોલન્ટીયર અને પત્રકાર નટુભાઈ પટેલે હોમગાર્ડની સ્થાપના અને ડૉ. બાબાસાહેબ આંબોડકરની નિર્વાણ દિન અંગે પ્રાસંગિક પ્રવચન આપી હોમગાર્ડ જવાનોની સેવા સમર્પણ અને સહકારની ભાવના સમાજોપયોગી કાર્યોમાં મદદરૂપ થવા હરહંમેશ ઉત્સુકતા સાથે સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં સફાઈ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. અંતમાં નટુભાઈ પટેલે સમરૂપતા દિવસની યાદરૂપે સંવિધાનના આમુખનુ વાંચન કરાવી નાગરિકોને ફરજો બજાવવાના સંકલ્પો લેવડાવ્યા હતા.